રસવંતા ને શુદ્ધ જીવનમાં, જ્ઞાનદીપ પ્રગટાવું, પ્રભુવર તારા પરની શ્રદ્ધા, પ્રતિપળ ઉજ્જવળ રાખું

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૪૬ | ૪ ઓગસ્ટ, ૨૦૨૦, મંગળવાર; શ્રાવણ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૦૦૯ |
| અમદાવાદ | ૧૫૧ |
| ગાંધીનગર | ૨૫ |

# અયોધ્યામાં દિવાળી જેવો માહોલ


**મંદિરના ભૂમિપૂજન માટે ૧૭૫ અતિથિઓને આમંત્રણ મોકલાયા : લાલકૃષ્ણ અડવાણી અને મુરલી મનોહર જોશી અયોધ્યા નહીં આવે : દેશના તમામ ઉદ્યોગપતિઓ અને ભાજપ-સંઘના વરિષ્ઠ સભ્યો મંદિરના ભૂમિપૂજનમાં સામેલ થશે : મોદી દ્વારા મંદિરનું ઉદઘાટન કરવામાં આવશે**

અયોધ્યા, તા. ૩

ભારતીય સંસ્કૃતિની અસ્મિતના પ્રતિકસમા રામમંદિરના ભૂમિપૂજન પૂર્વે અયોધ્યામાં દિવાળીનો માહોલ છવાયો છે. સમગ્ર અયોધ્યામાં દરેક મકાનને કેસરી રંગથી શણગારાયું છે અને ધાર્મિક ઈમારતો પર ભવ્યાતિભવ્ય રોશની કરાઈ છે. હેલીપેડથી રામજન્મભૂમિ સુધીનો ૧ કિલોમીટરના માર્ગ પર મંડપની કોરીડોર ઉભી કરાઈ છે. જ્યારે મંચના મંડપમાં માત્ર ૧૭૫ અતિથિઓને સોશીયલ ડીસ્ટન્સીંગ સાથે બેસી શકે તેવી વ્યવસ્થા કરાઈ છે. મંચ પર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી, આર.એસ.એસ.ના સરસંઘ સંચાલક મોહન ભાગવત, રાજ્યપાલ આનંદીબેન પટેલ, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને રામ જનમભૂમિ ટ્રસ્ટના અધ્યક્ષ મહંત નૃત્યગોપાલદાસજીને સ્થાન અપાયું છે.







રામ મંદિર અયોધ્યાના ભૂમિપૂજન સમારોહમાં દેશના સંતો, નેતાઓ અને રામ મંદિર આંદોલન સાથે સંકળાયેલા લગભગ ૧૭૫ લોકોને શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ તરફથી આમંત્રણ મોકલવામાં આવ્યું છે. જોકે, ભાજપના વરિષ્ઠ નેતાઓ લાલકૃષ્ણ અડવાણી અને મુરલી મનોહર જોશી રામ જન્મભૂમિ આંદોલનમાં સક્રિય ભૂમિકા નિભાવવા માટે અયોધ્યા આવશે નહીં. બંને નેતાઓ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સમારોહમાં હાજરી આપશે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ વિસ્તારના સચિવ ડો.અનિલ મિશ્રાના જણાવ્યા અનુસાર, કાર્યક્રમમાં શામેલ થનારાઓની સૂચિ ઘટાડીને ૧૭૫ કરી દેવામાં આવી છે. અયોધ્યાના ટ્રસ્ટના સાર્વજનિક પ્રતિનિધિ અને સંત મહંત સહિત ૫૦ લોકો હશે. મંદિરના આંદોલન સાથે

● અનુસંધાન પાન-૭ પર

## અયોધ્યામાં ગૌરી ગણેશ પૂજન સાથે વિધિ શરુ કરવામાં આવી

**રામ-સીતાના કુળદેવીની પણ પૂજા થઈ**

નવી દિલ્હી, તા. ૩

અયોધ્યામાં રામ મંદિર ભૂમિ પૂજન માટે આજથી અનુષ્ઠાન શરુ થઈ ગયાં છે. મંદિર નિર્માણમાં અયોધ્યામાં રામજન્મ જેવો ઉલ્લાસ છે. આ સાથે જ ભૂમિ પૂજનના સાક્ષી બનવા માટે આજથી જ અયોધ્યામાં મહેમાનોનું આગમન પણ શરુ થઈ ગયું છે. ભૂમિ પૂજનની દરેક તૈયારીઓ પૂરી થઈ ગઈ છે. સૌથી પહેલા હિંદુ ધર્મમાં દરેક મહત્વના પ્રસંગો માટે અનિવાર્ય માનવામાં આવતા ગણેશજીની પૂજાથી કાર્યક્રમની શરુઆત થઈ હતી. ૩ દિવસના અનુષ્ઠાનનું સમાપન બુધવારે વડાપ્રધાન દ્વારા કરવામાં આવતા 'ભૂમિપૂજન' સાથે થશે. પૂજા સવારે ૮ કલાકે શરુ થઈ હતી. જેમાં ૧૧ પુજારીઓએ મંત્રજાપ કર્યા હતા જ્યારે અન્ય મંદિરોમાં 'રામાયણ પાઠનું આયોજન થયું હતું. ગૌરી ગણેશ પૂજા પછી સીતા માતાના કુળદેવી નાના દેવકાળી અને ભગવાન શ્રીરામના કુળદેવી મોટી દેવકાળીની આરાધના કરવામાં આવી હતી.

## ભૂમિપૂજનમાં ઉમા ભારતી હાજર નહીં રહે

ભારતીય જનાત પાર્ટીના કદાવર નેતા ઉમા ભારતીએ કોરોના વાયરસના વધતા સંક્રમણને કારણે અયોધ્યામાં ૫ ઓગસ્ટે થતા ભૂમિ પૂજન કાર્યક્રમ હાજર ન રહેવાનો નિર્ણય લીધો છે. આ સમયે તે સરયૂ તટ પર રહેશે અને કાર્યક્રમ પૂર્ણ થયા પછી તે રામ લલાના દર્શન કરશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા પછી તેમણે આ નિર્ણય લીધો છે. અને આ અંગે પોતે ટ્વિટર પર જાણકારી આપી છે.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૮૩૧૨૬૩૫ | ૬૯૪૨૨૭ | ૧૪૩૧૪૮૪૧ |
| ભારત | ૧૮૩૩૯૨૨ | ૩૯૫૩૨ | ૧૨૧૦૩૧૮ |
| ગુજરાત | ૬૪૬૮૪ | ૨૫૦૯ | ૪૭૫૬૧ |
| ગાંધીનગર | ૧૬૮૪ | ૯૫ | ૧૨૨૧ |

# હાશ કેસ ઘટે છે : નવા ૫૩ હજાર કેસ

**ભારતમાં દર્દીઓની સંખ્યા ૧૮ લાખને પાર : ૨૪ કલાકમાં ૭૭૧ના મોત : દેશમાં અત્યાર સુધી ૩૮ હજાર ૧૬૧ લોકોના મોત થયા, ૧૧.૮૭ લાખ લોકો સાજા થયા : સતત છઠ્ઠી વખત એવું બન્યું છે જ્યારે માત્ર બે દિવસમાં એક લાખ કેસ સામે આવ્યા છે**

ન્યુ દિલ્હી,તા.૦૩

સમગ્ર દેશમાં હવે અનલોક-૩નો અમલ થરૂ થઈ ગયો છે અને ૫ ઓગસ્ટથી જીમ-યોગા સસ્થાઓને ખોલવાની મંજૂરી વચ્ચે અનલોક-૩ના બીજા દિવસે ફરીથી કેસોની સંખ્યા ૫૦ હજારને પાર નોંધાઈ હતી. આજે સોમવારે સવારે છેલ્લાં ૨૪ કલાકના આંકડા જાહેર કરવામાં આવ્યાં ત્યારે રવિવારના રોજ ૫૨,૯૭૨ કેસો સામે આવ્યાં હતા. એ સાથે જ કેસોની સઁખ્યા ૧૮ લાખને પાર પર્હોચી ગઈ હતી. આ જ સમયગાળામાં વધુ ૭૭૧ના મોત થયા હતા. ભાજપના કેટલાક નેતાઓની સાખથે હવે કોંગ્રેસના નેતાઓમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી પી. ચિદમ્બરમના પુત્ર કાર્તિ પણ કોરોનામાં સપડાયા છે. ઉત્તરપ્રદેશ ભાજપના અધ્યક્ષ સ્વતંત્ર દેવ સિંહ ઉપરાંત અન્ય એક જળશક્તિ મંત્રી ડો. મહેન્દ્ર સિંહ પણ કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. ઉલ્લેખનીય છે કે હાલમાં જ યુપીના એક મહિલામંત્રી કમલરાનીનું કોરોનાથી નિધન થયું છે.

દેશમાં કોરોનાના સંક્રમણ ફેલાવાની ગતિ ઘટવાને બદલે તેની ઝડપ વધી રહી હોય તેમ છે. જાહેર થયેલા આંકડા પ્રમાણે દેશમાં કોરોનાના કુલ દર્દીઓની સંખ્યા ૧૮ લાખને પાર કરી ગઈ છે. નિષ્ણાતાઓ જે ઝડપનો અંદાજ લગાવ્યો હતો તેનાથી પણ વધારે ઝડપે કોરોના ફેલાઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૫૩ હજાર નવા કેસ નોંધાયા છે. નવા કેસ સામે આવ્યા બાદ દેશમાં અત્યાર સુધી કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા ૧૮,૦૩,૬૯૫ થઈ છે. સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં ૫૨ હજાર, ૯૭૨ દર્દીનો વધારો થયો છે. જ્યારે ૭૭૧ લોકોનાં મોત થયા છે. આ પહેલા શનિવારે ૫૪,૭૩૫ કેસ સામે આવ્યા હતા અને ૮૫૩ લોકોનાં મોત થયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- પી ચિદમ્બરમના પુત્ર કાર્તિનો કોરોના રિપોર્ટ આવ્યો પોઝિટીવ, હોમ ક્વોરન્ટાઈન
- કર્ણાટકના મુખ્યમંત્રી યેદિરૂપ્પાની દીકરી પણ કોરોનાથી સંક્રમિત
- ભારતમાં કોરોનાની રસીના બીજા-ત્રીજા તબક્કાના હ્યૂમન ટ્રાયલને મળી મંજૂરી
- ચીનથી ભાગેલા વૈજ્ઞાનિકનો દાવો: કોરોના વાયરસને ચીનના મિલિટ્રી લેબમાં બનાવ્યો હતો
- રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી હવે બ્રિટનના ચલણી સિક્કાઓ પર પણ જોવા મળશે
- સોશીયલ ડીસ્ટન્સીંગનું પાલન ન થતાં અમદાવાદના જાણીતા આલ્ફા-વન મોલ સીલ કરાયો.
- ભરૂચમાં સાંજે ૫.૨૦ કલાકે ૩.૭ સ્કેલના ધરતીકંપના આંચકા
- મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શીવરાજસિંહ ચૌહાણને વધુ એક વખત કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો.
- નેપાળના પીએમ ઓલીએ ભારતીય ન્યૂઝ ચેનલો પરથી પ્રતિબંધ હટાવ્યો.
- ભાજપના ૪ સાંસદો, એક ધારાસભ્ય સહિત ૨૧ અગ્રણીઓ ટીએમસીમાં જોડાવાની શક્યતા

# દેશના નાગરિકોને ડિજિટલ હેલ્થ કાર્ડ આપવાની યોજનાને આખરી ઓપ

**૧૫મી ઓગસ્ટે મોદી યોજનાની જાહેરાત કરી શકે છે : જેમાં જે-તે વ્યક્તિ મરજીથી પોતાનું હેલ્થ આઈડી ખોલી શકશે, દેશના ડોક્ટર અને હેલ્થ ફેસિલિટી પાસે ડેટા હશે**

નવી દિલ્હી, તા. ૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૫મી ઓગસ્ટે નેશનલ ડિજિટલ હેલ્થ મિશનની જાહેરાત કરી શકે છે, જેમાં દરેક ભારતીય પાસે સંપૂર્ણ રીતે ડિજિટલ હેલ્થ ઈકોસિસ્ટમ સાથે જોડાયેલું પર્સનલ હેલ્થ આઈડી હશે. આ અંતર્ગત પ્રત્યે નાગરિકના સ્વાસ્થ્યના ડેટા દેશભરના રજિસ્ટ્રી ઓફ ડોક્ટર્સ અને હેલ્થ ફેસિલિટી પાસે રહેશે. મુખ્ય સૂત્રોના જણાવ્યા પ્રમાણે, પ્રસ્તાવને પ્રિન્સિપલ કેબિનેટ તરફથી મંજૂરી મળી ગઈ છે અને અઠવાડિયાના અંત સુધીમાં અંતિમ મંજૂરી મળશે તેવી શક્યતા છે. 'વડાપ્રધાન દ્વારા ૧૫મી ઓગસ્ટના રોજ તેમના સ્વતંત્રતા દિવસના ભાષણના ભાગરુપે આ મિશનની શરુઆતની જાહેરાત કરવામાં આવી શકે છે', તેમ સૂત્રોએ કહ્યું હતું. ડિજિટલ પ્લેટફોર્મને હેલ્થ આઈડી, પર્સનલ હેલ્થ રેકોર્ડ્સ, ડીજી ડોક્ટર અને હેલ્થ ફેસિલિટી રજિસ્ટ્રી- એમ ચાર ચાવીરુપ સુવિધાઓ સાથે શરુ કરવામાં આવશે. પછીના તબક્કે તેમાં ઈ-ફાર્મસી અને ટેલિમેડિસિન સુવિધાઓ, નિયમનકારી માર્ગદર્શિકાનો પણ સમાવેશ કરવામાં આવશે.

પ્લેટફોર્મ સ્વૈચ્છિક છે કારણ કે એપ્લિકેશન પર નોંધણી કરાવવી તે વ્યક્તિ પર રહેશે. હેલ્થ રેકોર્ડ્સ ફક્ત વ્યક્તિ દ્વારા અધિકૃત થયા પછી જ શેર કરવામાં આવશે. એ જ રીતે, એપ્લિકેશન માટે વિગતો પ્રદાન કરવાની જવાબદારી હોસ્પિટલો અને ડોક્ટરોની રહેશે. જો કે, સરકારને લાગે છે કે એપ્લિકેશનની ઉપયોગિતા વ્યાપક ભાગીદારીની ખાતરી કરશે.

● અનુસંધાન પાન-૭ પર

# એલએસી પરથી ચીનને સંપૂર્ણ પણે સેના હટાવી લેવા ભારતની ચેતવણી

**પૂર્વ લદાખ એલએસી પર ટકરાવ વાળા તમામ સ્થળોથી જલદી ચીની સૈનિકો પીછેહટ કરે તેના પર ભાર મૂકાયો**

નવી દિલ્હી, તા. ૩

ભારત અને ચીન વચ્ચે તણાવ સ્થિતિનો અંત લાવવા માટે રવિવારે ફરી એક વાર પાંચમા રાઉન્ડની કમાન્ડર લેવલની વાતચીત શરૂ થઈ. લગભગ ૧૧ કલાક સુધી ચાલેલી આ બેઠકમાં ભારતની તરફથી લેહ સ્થિત ૧૪ કોરથી કમાન્ડર લેફ્ટિનેંટ જનરલ હરિંદર સિંહ હાજર હતા તો ચીની પક્ષથી દક્ષિણિ શિનજિયાંગ સૈન્ય ક્ષેત્રના કમાન્ડર, મેજર જનરલ લિયૂ લિન હતા. આ વાતચીત પછી ભારતે ચીનને એક વાર ફરી સ્પષ્ટ શબ્દોમાં વાસ્તવિક નિયંત્રણ રેખ પરથી તણાવ વાળા તમામ વિસ્તારોમાંથી પોતાની સેનાને સંપૂર્ણપણે પાછા વળવાની વાત કહી. બંને પક્ષો વચ્ચે થયેલી આ બેઠક સવારે ૧૧ વાગ્યાથી લઈને રાતના ૧૦ વાગ્યા સુધી ચાલી. સુત્રો મુજબ વાતચીતમાં ભારતે પેંગોંગ સો અને પૂર્વ લદાખ એલએસી પર ટકરાવ વાળા તમામ સ્થળોથી જલ્દીમાં જલ્દી ચીની સૈનિકો પીછેહટ કરે તે વાત પર ભાર મૂક્યો. ભારતે ફરી કહ્યું કે ૫ મેથી જે સ્થિતિ બની છે તેનો તરત અંત લાવો. સુત્રોથી પ્રાપ્ત માહિતી મુજબ જ્યાં બે સેના વચ્ચે અથડામણ થઈ છે ત્યાંથી અને અન્ય કેટલાક સ્થળોથી ચીની સેના પાછળ ગઈ છે. પણ ભારતની માંગ છે કે પૈંગોંગ સોમાં ફિંગર વિસ્તારમાંથી પણ સેના પાછી ફરે. કોર કમાન્ડર સ્તરની પહેલી ચરણની વાતચીત ૬ જૂને થઈ હતી. બંને પક્ષો ગલવાન ખીણથી શરૂ કરીને એક પછી એક ગતિરોધ થાય તેવા તમામ સ્થળો પર પાછા ફરવાની વાત પર સમજૂતી બનાવી રહ્યા છે. તણાવ ઓછો કરવા રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર

● અનુસંધાન પાન-૭ પર


## શિક્ષણ સાથે સંસ્કાર મેળવો / અપાવો.

## " લોકક્ષેત્ર - લાકરોડા "

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના લાકરોડા ગામની સીમમાં "લોકક્ષેત્ર - લાકરોડા" સંસ્થા ૧૯૮૦થી શૈક્ષણિક કાર્ય કરી રહી છે. આ સંસ્થા સ્થાપક ટ્રસ્ટી સ્વ.શ્રી ગીજુભાઈ ત્રિવેદી (સિનીયર સીટીઝન કાઉન્સીલ ગાંધીનગરના સ્થાપક ટ્રસ્ટી), સ્વ.શ્રી મોતીભાઈ ચૌધરી (સ્થાપક ટ્રસ્ટી ગ્રામ ભારતી-અમરાપુર, ભૂ.પૂ.ચેરમેન દૂધ સાગર ડેરી મહેસાણા), સ્વ.શ્રી ઈશ્વરભાઈ પટેલ ( ભૂ.પૂ.સંચાલક લોકક્ષેત્ર લાકરોડા, ભૂ.પૂ.સંચાલક ગ્રામભારતી-અમરાપુર),ડૉ.રઘુવીરભાઈ ચૌધરી (જ્ઞાનપીઠ એવોર્ડ પુરસ્કૃત સાહિત્યકાર,સંચાલક ગ્રામ ભારતી-અમરાપુર) તથા સહયોગીઓ દ્વારા સ્થપાયેલ છે.

આ સંસ્થા શાંત-પવિત્ર-વ્યસનમુક્ત-પ્રેમાળ તથા ગાંધીવિચારવાળા સ્વાશ્રયી વાતાવરણમાં છે. ગ્રામભારતી-અમરાપુર સંસ્થા સંચાલિત ધોરણ-૧ થી ૮ નું શિક્ષણ નિવાસી પ્રાથમિક શાળામાં તથા ધોરણ-૯ અને ૧૦ નું શિક્ષણ ઉત્તરબુનિયાદી વિદ્યાલયમાં ગુજરાતી માધ્યમ દ્વારા આપી બાળકોના ઘડતર અને ભાવિનિર્માણનું કાર્ય કરે છે. અહીં બાળકોને નિઃશુલ્ક (મફત) શિક્ષણ સુલભ છે. જેમાં છાત્રાલય, ભોજન, અભ્યાસ સામગ્રી, ગણવેશ, તેલ, સાબુ, બૂટ-ચપ્પલ વિગેરે સહિત તમામ દૈનિક જરૂરિયાતો સરકારશ્રી-સંસ્થા-દાતાઓના સહયોગથી સુલભ કરાવવામાં આવે છે. વિદ્યાર્થીઓને સંસ્થાની ગૌશાળામાંથી તાજું દૂધ તથા સંસ્થાની જમીનમાં ઉત્પાદિત ખેત પેદાશો, ફળો અને શાકભાજી દ્વારા પોક્ષણક્ષમ આહાર આપવામાં આવે છે.

"લોકક્ષેત્ર - લાકરોડા" સંસ્થા, "ગ્રામભારતી - અમરાપુર" (તા.માણસા, જિ.ગાંધીનગર) ની ભગીની સંસ્થા છે. કોઈપણ પ્રકારના ભેદભાવ વિના તમામ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી હૂંફ મળે તે માટે ઉત્સાહી સંસ્થા પરિવાર કટિબધ્ધ છે.

**-: પ્રવેશ તથા શિક્ષણકાર્ય માટે સંપર્ક કરો :-**

ધોરણ - ૯ તથા ૧૦ - આચાર્યશ્રી ડૉ.અનિલભાઈ ચૌધરી (મો.૯૯૦૪૧ ૧૫૭૧૫)
ધોરણ- ૧ થી ૮ - આચાર્યશ્રી દિનેશભાઈ ચૌધરી (મો.૯૭૩૭૧ ૨૩૨૧૩)

**સંસ્થા સ્થળ:** ગાંધીનગર થી વિજાપુર જતા સ્ટેટ હાઈવે પરના લોદરા ગામથી પૂર્વમાં પ્રાંતિજ તરફ જતાં રોડ ઉપર ૬ કિ.મી.ના અંતરે, લાકરોડા ગામ પહેલાં, જમણી બાજુ લોકક્ષેત્ર લાકરોડા સંસ્થા આવેલી છે. આ સંસ્થા જૈન તીર્થ મહુડીથી ચાર કિ.મી.ના અંતરે આવેલ છે.

**-: સહયોગ આવકાર્ય :-**

શુભેચ્છકો, દાતાઓ, સેવાભાવી સંસ્થાઓ તરફથી આર્થિક સહયોગ, વિવિધ શૈક્ષણિક સામાન- વસ્તુઓ, સેવાઓ અને માર્ગદર્શન આવકાર્ય છે.

**-: વધુ માહિતી માટે સંપર્ક કરો :-**

(૧) વ્યવસ્થાપક : શ્રી દુરસિંહભાઈ રાઠોડ (મો.૮૧૪૧૦ ૦૭૩૪૫) (ડિરેક્ટર-દૂધ સાગર ડેરી, મહેસાણા)
(૨) નિયામક : શ્રી સંતોષભાઈ ચૌધરી (મો.૯૮૨૪૩ ૨૧૭૬૨) (ટ્રસ્ટી, ગ્રામ ભારતી-અમરાપુર)
(૩) ટ્રસ્ટી : પ્રોફે. રમેશભાઈ આઈ. પટેલ (મો.૯૮૭૯૦ ૧૩૫૧૫)
(નિવૃત પ્રાધ્યાપક, એલ.ડી.એન્જી.કોલેજ, અમદાવાદ, ટ્રસ્ટી, ગ્રામ ભારતી-અમરાપુર)
(૪) ટ્રસ્ટી અને સક્રીય માર્ગદર્શક :- શ્રી અમૃતભાઈ બી. પટેલ (મો.૯૭૨૬૨ ૯૫૯૧૭)
(નિયામકશ્રી, ગ્રામભારતી- અમરાપુર)
(૫) સંચાલક : શ્રી અમૃતભાઈ ત્રિવેદી (મો.૯૩૨૮૭ ૪૭૫૨૮)(સિનિયર સિટીઝન કાઉન્સીલ, ગાંધીનગર)

**website:** - htpp://www.lokkshetralakroda.org
**Email :-** lokkshetralakroda@gmail.com